# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા.
જુનાગઢ. ગુજરાત(ભારત) ફો.(ઓ) : ૦૨૮૫–૨૬૮૧૪૦૦
Website : http://www.bknmu.edu.in Email. : cebknmu@gmai.com


**પરીપત્ર:**

**વિષય : પેન્ડીંગ માર્કશીટ મેળવી લેવા બાબત.**

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓ તેમજ વિદ્યાર્થી ભાઇઓ તેમજ બહેનોને જણાવવામાં આવે છે કે યુ.જી. તેમજ પી.જી.ના તમામ કોર્ષમાં જે વિદ્યાર્થીએ છેલ્લા સેમેસ્ટર સુધી અભ્યાસ પુર્ણ કરેલ છે પરંતુ અગાઉના કોઇ એકપણ સેમેસ્ટરમાં નાપાસ થવાથી છેલ્લા સેમેસ્ટરમાં 'PENDING' સ્ટેટસ આવેલ હોય તેમજ ફરી વખત રીપીટર વિદ્યાર્થી તરીકે પરીક્ષા પાસ કરીને અગાઉના તમામ સેમેસ્ટર માં પાસ થયેલ હોય તેમજ છેલ્લા સેમેસ્ટરમાં 'PENDING' સ્ટેટસ હોય તેવા તમામ કોર્ષના વિદ્યાર્થીઓની નવી માર્કશીટ યુનિવર્સિટી ખાતે તૈયાર થયેલ છે.

ઉક્ત બાબતે જણાવવાનું કે તમામ કોલેજોએ પોતાના લેટરપેડ ઉપર વિદ્યાર્થીઓની સંખ્યા સ્પષ્ટ દર્શાવી તા.૦૫/૦૪/૨૦૨૧ થી યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાંથી મેળવી લેવાની રહેશે તેમજ જુની માર્કશીટ કોલેજ દ્વારા વિદ્યાર્થી પાસેથી જમા લેવી ત્યારબાદ નવી માર્કશીટ આપવાની રહેશે. કોલેજ દ્વારા તમામ જુની માર્કશીટ યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે.

ખાસ નોંધ :

ઉપરોક્ત કામગીરી માટે નોવેલ કોરોના વાઇરસ COVID-19 અંગે સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓએ માસ્ક પહેરી (ફેસ કવર) તેમજ સામાજિક અંતર જાળવી ઉપરોક્ત કામગીરી કરવાની રહેશે. 'PENDING' માર્કશીટ માટે વિદ્યાર્થીઓએ રૂબરૂ યુનિવર્સિટી ખાતે અરજી કરવા માટે આવવાનું રહેશે નહી તથા ઉપરોક્ત માર્કશીટ માત્ર ને માત્ર કોલેજોને જ વિતરણ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

**પરીક્ષા નિયામક**

ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૭૨૭/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ-362263
તા.03/૦૪/૨૦૨૧

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓ તેમજ વિદ્યાર્થી ભાઇઓ તેમજ બહેનો તરફ...

**નકલ સાદર રવાના:-**

- આઈ.ટી. સેલ (વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે.)